

P.07

સુહાના ખેડૂત તરીકે કરેલા ૧૩ કરોડના જમીન સોદા વિશે તપાસ

# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

P.07

૬૦ કરોડના છેતરપિંડીના આરોપો વચ્ચે અભિનેત્રી શિલ્પા શેટ્ટીનું રેસ્ટોરન્ટ બંધ



તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૪ અંક : ૩૩ । વિક્રમ સંવત ૨૦૮૧ : ભાદરવો સુદ ૧૨ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 04 • Issue : 33 • Dt.04-09-2025 Thursday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125


બાંગ્લાદેશ પછી, હવે ઇન્ડોનેશિયામાં આગ લાગી । લોકો રસ્તા પર ઉતરી આવ્યા



07

04 SEPTEMBER- 2025 THURSDAY



07

રશિયાની ભારત સાથે વધતી મિત્રતા જોઈને પાક.ના પીએમ શાહબાઝ શરીફ ગુસ્સે થયા

**વાઇબ્રન્ટ ગુજરાત સમિટ ૨૦૨૫-૨૦૨૬**

ચારેય ઝોનલ સમિટમાં સામેલ જિલ્લાઓના વેપાર-ધંધા અને ઉદ્યોગોને અનુલક્ષીને ઉદ્યોગપતિઓ સાથે રોકાણ માટે સમજૂતી કરાર કરવામાં આવશે

# રાજ્યના ચાર ઝોનમાં વાઇબ્રન્ટ ગુજરાત સમિટનું આયોજન કરાશે

સુઝુકી મોટર્સ-ગુજરાતે ૭.૫ લાખ કાર યુનિટની વાર્ષિક ઉત્પાદન ક્ષમતા સાથે ગુજરાતને વૈશ્વિક ઓટો હબ બનાવવામાં મોટી ભૂમિકા ભજવી । સાથે જ, મહેસાણા આસપાસ ઓટો કમ્પોનન્ટ ઉદ્યોગોમાં પણ મોટા પાયે રોકાણ આવ્યાં

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૩ ।

વાઈબ્રન્ટ ગુજરાત સમિટના બદલાયેલા સ્વરૂપ મુજબ રાજ્ય સરકાર પહેલીવાર ચાર ઝોનમાં રીજિયોનલ સમિટ યોજી રહી છે. સરકારના આયોજન મુજબ, પ્રથમ રિજિયોનલ સમિટ ઉત્તર ગુજરાત ઝોન માટે ૯ અને ૧૦ ઑક્ટોબર-૨૦૨૫એ મહેસાણા જિલ્લાના માંડલ-બેચરાજી એસઆઈઆર ખાતે યોજાશે.આ ઉપરાંત બીજી સમિટ ૮-૯ જાન્યુઆરી-૨૦૨૬એ સૌરાષ્ટ્ર-કચ્છ ઝોન માટે રાજકોટ ખાતે, ત્રીજી સમિટ ૯-૧૦ એપ્રિલ-૨૦૨૬એ દક્ષિણ ગુજરાત ઝોન માટે સુરતમાં અને ચોથી સમિટ ૯-૧૦ જુલાઈ-૨૦૨૬એ મધ્ય ગુજરાત ઝોન માટે વડોદરા ખાતે યોજાશે.

આ ચારેય ઝોનલ સમિટમાં સામેલ જિલ્લાઓના વેપાર-ધંધા અને ઉદ્યોગોને અનુલક્ષીને ઉદ્યોગપતિઓ સાથે રોકાણ માટે સમજૂતી કરાર કરવામાં આવશે. આયોજન મુજબ, ઓક્ટોબરના બીજા સપ્તાહમાં યોજાનારી પહેલી રિજિયોનલ સમિટ માટે મહેસાણામાં તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. અહીં સુઝુકી મોટર્સના આગમનને કારણે દેશ-વિદેશના અગ્રણી ઓટોમોબાઈલ ઉત્પાદકો આકર્ષાઈ રહ્યાં છે. સુઝુકી મોટર્સ-ગુજરાતે ૭.૫ લાખ કાર યુનિટની વાર્ષિક ઉત્પાદન ક્ષમતા સાથે ગુજરાતને વૈશ્વિક ઓટો હબ બનાવવામાં મોટી ભૂમિકા ભજવી છે. સાથે જ, મહેસાણા આસપાસ ઓટો કમ્પોનન્ટ ઉદ્યોગોમાં પણ મોટા પાયે રોકાણ આવ્યાં છે.



સુઝુકી મોટર્સે ભવિષ્યમાં ઈલેક્ટ્રિક વાહનોના ઉત્પાદનને વધારવા માટે રૂ. ૩૨ અબજનું રોકાણ કરીને ચોથી પ્રોડક્શન લાઈન સ્થાપવાની જાહેરાત કરી છે. ઉપરાંત ઈલેક્ટ્રિક વાહનોમાં નવા રોકાણ પણ નજર કરીએ તો, બેટરી પ્લાન્ટ માટે રૂ. ૭,૩૦૦ કરોડ તથા ઈફ ઉત્પાદન માટે રૂ. ૩,૧૦૦ કરોડનું રોકાણ મળ્યું છે.નોંધનીય છે કે, વર્ષ ૨૦૨૪ વાઈબ્રન્ટ સમિટ બાદ ગુજરાતે દક્ષિણ આફ્રિકા, સાઉદી અરેબિયા, જાપાન,યુએઈ અને ચિલી સહિતના દેશોમાં લગભગ રૂ. ૩,૪૫૯ કરોડના ઓટોમોબાઈલની નિકાસ કરી હતી.

આમ આદમી પાર્ટીની ગુજરાત જોડો જનસભાનું આયોજન કરવામાં આવ્યું

## ગુજરાતમાં રાજકીય ગરમાવો : ૫૦૦થી વધુ લોકો આપમાં જોડાયા । ભાજપ અને કૉંગ્રેસને ફટકો

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨ ।

નર્મદા જિલ્લાના તિલકવાડા તાલુકામાં કંથરપુરા ગામ ખાતે આમ આદમી પાર્ટીની ગુજરાત જોડો જનસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નર્મદા જિલ્લા ભારતીય જનતા પાર્ટીમાંથી જિલ્લા પંચાયત ઉપ પ્રમુખ તરીકે ચૂંટાયેલા અને બે વાર તાલુકા પંચાયતમાં ચૂંટાયેલા દિનેશભાઈ રામાભાઈ તડવીએ ભાજપ સાથે છેડો ફાડી પોતાના સમર્થકો સાથે આપનો ખેસ ધારણ કર્યો હતો. આ સાથે સાથે આજુબાજુ ગામના માજી સરપંચ, ડેપ્યુટી સરપંચ, ગ્રામ પંચાયતના સભ્યો અને કંથરપુરા, મરસણ, વાસણ, વીરપુર, રેગણ કોલોની, વડીયા ટેકરા, ઘાણીખોર, ડાભેડ, કાટકોઈ, વ્યાધર જેવા આજુબાજુના ગામોમાંથી યુવાઓ અને ગામના વડીલોએ પણ ભાજપ અને કોંગ્રેસનો છેડો ફાડ્યો અને ૫૦૦થી પણ વધુ લોકોએ આમ આદમી પાર્ટીનો ખેસ ધારણ કર્યો હતો.આપમાં જોડાવવા અંગે તેમણે કહ્યું હતું કે, આમ આદમી પાર્ટીના દેડિયાપાડાના ધારાસભ્ય અને આદિવાસી સમાજના લોકપ્રિય નેતા ચૈતર વસાવાની વિચારધારા, આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલની પ્રામાણિક રાજનીતિ, વિચારધારા અને પાર્ટીએ જે કામગીરી છે તેનાથી પ્રેરિત થઈને આ તમામ નેતાઓ આગેવાનો અને યુવાનો આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા. ઉલ્લેખનીય છે કે ગણતરીના મહિનાઓમાં જ મહા નગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીઓ સમસ્ત ગુજરાતમાં યોજાવવા જઈ રહી છે. ત્યારે આમ આદમી પાર્ટીને પૂરો વિશ્વાસ છે કે આવનારી આ તમામ ચૂંટણીઓમાં આમ આદમી પાર્ટી નવો ઈતિહાસ રચશે.







લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ I સમાચાર માટે : ૯૮૨૫૨ ૫૨૧૨૫ I જાહેરાત માટે : ૯૬૬૨૫ ૧૩૦૬૨
પળેપળના સમાચાર માટે www.lokpatrika.in


### વિવાદ ઘણા મહિનાઓથી ચાલી રહ્યો હતો

## મહેસાણા-અમદાવાદ હાઇવે પર કામદારોની માંગણી સાથે હડતાળ

**અમન એપોલો કંપનીના કામદારો લાંબા સમયથી પગારમાં વધારો, કામના કલાકો, રજાઓ અને અન્ય લાભોની માંગ કરી રહ્યા હતા**

I પ્રતિનિધિ, મહેસાણા,તા.૩ I

મહેસાણા અમદાવાદ હાઈવે પર અમન એપોલો કંપનીના કર્મચારીઓએ દિતાસણ પાટિયા પાસે હડતાળ કરી હતી, જેના કારણે વિસ્તારમાં ટ્રાફિક અને સ્થાનિક વ્યવસ્થાને ભારે અસર પડી હતી. આ હડતાળ કર્મચારીઓ અને કંપની વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલા વિવાદનું પરિણામ હતી, જેમાં કર્મચારીઓની વિવિધ માંગણીઓ મુખ્ય મુદ્દો હતો.અમન એપોલો કંપનીના કર્મચારીઓનો પગાર વધારો, કામના કલાકો, રજાઓ અને અન્ય કામકાજની પરિસ્થિતિઓને લઈને મેનેજમેન્ટ સાથે લાંબા સમયથી વિવાદ હતો. કર્મચારીઓનો આરોપ છે કે કંપનીએ તેમની માંગણીઓ પર ધ્યાન આપ્યું ન હતું, જેના કારણે તેઓએ આખરે હડતાળનો આશરો લીધો. માહિતી અનુસાર, આ વિવાદ ઘણા મહિનાઓથી ચાલી રહ્યો હતો અને વારંવારની બેઠકો બાદ પણ કોઈ નક્કર ઉકેલ ન આવતા કર્મચારીઓએ આંદોલનનું આ પગલું ભર્યું. હડતાળ દરમિયાન દિતાસણ પાટિયા ખાતે મોટી સંખ્યામાં કર્મચારીઓ એકઠા થયા હતા, જેના કારણે હાઈવે પર જામ થઈ ગયો હતો. લાંઘણજ પોલીસ સ્ટેશનની એક ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ અને પરિસ્થિતિને કાબુમાં લેવાનું શરૂ કર્યું. પોલીસે કામદારો સાથે વાત કરીને પરિસ્થિતિને શાંત કરવાનો પ્રયાસ કર્યો. મહેસાણા-અમદાવાદ હાઈવે પર દિતાસણ પાટિયા પાસે અમન એપોલો કંપનીના કામદારો દ્વારા હડતાળ. જેના કારણે વિસ્તારમાં ટ્રાફિક અને સ્થાનિક વ્યવસ્થા પર નોંધપાત્ર અસર પડી. ગરમ. આ હડતાળ કામદારો અને કંપની વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલા વિવાદનું પરિણામ હતું, જેમાં કામદારો વિવિધ માંગણીઓ મુખ્ય મુદ્દો બની હતી.અમન એપોલો કંપનીના કામદારો લાંબા સમયથી પગારમાં વધારો, કામના કલાકો, રજાઓ અને અન્ય લાભોની માંગ કરી રહ્યા હતા. શરતોને લઈને મેનેજમેન્ટ સાથે વિવાદ હતો. કામદારોનો આરોપ છે કે કંપની દ્વારા તેમની માંગણીઓ પર યોગ્ય ધ્યાન આપવામાં આવ્યું નથી, જેના કારણે તેઓએ આખરે હડતાળનો માર્ગ અપનાવ્યો. સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, આ વિવાદ ઘણા મહિનાઓથી ચાલી રહ્યો હતો, અને વારંવારની બેઠકો છતાં કોઈ નક્કર ઉકેલ ન મળતાં કામદારોએ આ આંદોલનનું પગલું ભર્યું.



## નવસારીની પૂર્ણા નદી કિનારે મળ્યો બાળકીનો મૃતદેહ, એક દિવસ અગાઉ મૃત્યુ થયાની આશંકા

I પ્રતિનિધિ, નવસારી, તા.૩ I

હાલમાં જ નવસારી જિલ્લામાં પૂર્ણા નદીના કિનારે આજે સવારે ચકચારી ઘટના સામે આવી છે. નદી કિનારે અંદાજે ત્રણ વર્ષની એક નાનકડી બાળકીનો ડીકમ્પોઝ અવસ્થામાં મૃતદેહ મળી આવતા ચકચાર મચી ગઈ છે.માછીમારને માછીમારી દરમિયાન મૃતદેહ નજરે પડતા તેણે તાત્કાલિક તંત્રને જાણ કરી હતી. ઘટનાની જાણ મળતા ફાયર વિભાગ અને પોલીસની ટીમ તરત જ સ્થળ પર પહોંચી હતી. ફાયર બ્રિગેડે યોગ્ય કાર્યવાહી સાથે મૃતદેહને બહાર કાઢ્યો હતો. ત્યારબાદ પોલીસે મૃતદેહનો કબજો લીધો અને આગળની કાર્યવાહી શરૂ કરી છે.ગ્રામ્ય પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર જણાવ્યું કે, બાળકીના હાલતને જોતા તેનું મૃત્યુ એક દિવસ અગાઉ થયું હોય તેવી શક્યતા છે.

## ૨ દિવસમાં એક જ પરિવારના ત્રણ સભ્યોનું હાર્ટ એટેકથી મોત, ઘરમાં માતમ છવાયો

I પ્રતિનિધિ, જામનગર, તા.૩ I

જામનગર જિલ્લાના લતીપુર ગામમાંથી એક આહમ દુ:ખદ ઘટના સામે આવી છે. જ્યાં ત્રણ દિવસના અંતરે એક જ પરિવારના ત્રણ સભ્યોના હૃદયરોગના હુમલાથી મૃત્યુ થયા છે. પટેલ પરિવારના આ ત્રણ સભ્યોના અચાનક અવસાનથી ગામમાં શોકની લાગણી છવાઈ જવા પામી હતી.પ્રાપ્ત માહિતી મુજબ, લતીપુર ગામના રહેવાસી ૮૫ વર્ષીય ગાંડુ રામાણી અને તેમના ભત્રીજા ૪૫ વર્ષીય અશ્વિન રામાણીનું શનિવારના રોજ હાર્ટએટેકને લીધે દુ:ખદ અવસાન થયું. આ ઘટનાથી પરિવાર હજુ થોડો બહાર આવ્યો જ હતો. ત્યાં રવિવારે ૭૪ વર્ષીય અરજણ રામાણીનું પણ હાર્ટએટેકથી મૃત્યુ થયું. ત્રણેય સભ્યોના સતત અવસાનથી સમગ્ર પરિવારમાં શોકનો માહોલ છવાઈ જવા પામ્યો હતો.આ ઘટનાને લઈ ગામમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો. લોકોના જણાવ્યા મુજબ પરિવારના સભ્યો એકબીજાથી ખૂબ જ જોડાયેલા હતા.

## અમદાવાદનું ઐતિહાસિક શકરી તળાવમાં એક સાથે ૩ યુવકો ડૂબતાં કરૂણ મોત

I પ્રતિનિધિ, અમદાવાદ, તા.૩ I

અમદાવાદના સરખેજ વિસ્તારમાં આવેલું ઐતિહાસિક શકરી તળાવ આજે એક ગમખ્વાર ઘટનાનું સાક્ષી બન્યું. તળાવમાં હોડી પલટી જવાથી ત્રણ યુવકોના કરુણ મોત નિપજ્યા છે. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.પ્રાથમિક માહિતી મુજબ, આ ત્રણ યુવકો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની હોડી લઈને તળાવમાં ગયા હતા. થોડા સમય બાદ કોઈ અગમ્ય કારણોસર તેમની હોડી પલટી ગઈ હતી અને ત્રણેય યુવકો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં જ આસપાસના લોકો અને ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયર વિભાગે તરત જ બચાવ કામગીરી અને શોધખોળ શરૂ કરી હતી. સ્થાનિક લોકોની મદદથી અને ફાયર વિભાગની સતત મહેનત બાદ, ડૂબી ગયેલા ત્રણેય યુવકોના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા હતા.હાલમાં મૃતક યુવકોની ઓળખ અને તેમના પરિવારજનોને જાણ કરવાની કામગીરી ચાલી રહી છે. પોલીસે આ સમગ્ર મામલે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. આ દુર્ઘટના પાછળનું ચોક્કસ કારણ જાણવા માટે પોલીસ કાર્યવાહી કરી રહી છે. આ ઘટનાએ ફરી એકવાર તળાવો અને જળાશયોની સુરક્ષા અંગે ગંભીર સવાલો ઊભા કર્યા છે.

### શહેરના ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડે પણ ઉમેદવારીપત્ર ભર્યુ

## પંચમહાલ જિલ્લાની ડેરી ચૂંટણી ૨૦ સપ્ટેમ્બરે યોજાશે I ૩૧ જેટલા ઉમેદવારી ફોર્મ ભરાયા

I પ્રતિનિધિ, પંચમહાલ, તા.૩ I

પશુપાલકો માટે સારા સમાચાર સામે આવ્યા છે.મહિસાગર,દાહોદ તેમજ પંચમહાલ જિલ્લાના લાખો પશુપાલકોની આજીવિકાનો આધાર એવી પંચમહાલ સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડના ડિરેક્ટર બોર્ડની ચૂંટણી ૨૦ સપ્ટેમ્બરના રોજ યોજાશે. ચૂંટણી માટે ઉમેદવારીપત્રો ભરવાની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે આ સાથેજ અત્યાર સુધીમાં કુલ ૩૧ ઉમેદવારીપત્રો ભરાયા છે.જેમાં ડેરીના વર્તમાન ચેરમેન અને અનિયદ જૂથના શહેરના ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડે પણ ઉમેદવારીપત્ર ભર્યુ છે.

આપને જણાવી દઈએ ચૂંટણી ફોર્મની ચકાસણીની પ્રક્રિયા પૂર્ણ થયા પછી કોણ બાજી મારશે તે ખબર પડશે.જોકે, ઉમેદવારીપત્રો પાછા ખેંચવાની છેલ્લી તારીખ એટલે કે ૧૦ સપ્ટેમ્બર પછી જ વાસ્તવિક પરિસ્થિતિ જાણી શકાશે. વર્તમાન પરિસ્થિતિ જોતાં, ડેરીની બધી બેઠકો પર બિનહરીફ ચૂંટણી થવાની શક્યતા છે.



જેઠાભાઈ ભરવાડના નેતૃત્વમાં વર્તમાન ડિરેક્ટર બોર્ડે કોઈપણ વિવાદ વિના સફળતાપૂર્વક પોતાનો કાર્યકાળ પૂર્ણ કર્યો છે. તેથી, સભ્યોના હિતમાં અને ડેરીમાં સુશાસન માટે લેવામાં આવેલા નિર્ણયોથી ચૂંટણીમાં સર્વસંમતિ થવાની શક્યતાઓ મજબૂત બની છે. પંચમહાલ, મહિસાગર અને દાહોદ જિલ્લાના હજારો પશુપાલકો માટે આ ચૂંટણીઓ મહત્વપૂર્ણ છે. ડેરીનું નવું સંચાલન મંડળ પશુપાલકો અને ડેરીના હિતમાં શું નિર્ણય લે છે તે જોવાનું રહે છે. પશુપાલકો માટે સારા સમાચાર સામે આવ્યા છે.મહિસાગર,દાહોદ તેમજ પંચમહાલ જિલ્લાના લાખો પશુપાલકોની આજીવિકાનો આધાર એવી પંચમહાલ સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડના ડિરેક્ટર બોર્ડની ચૂંટણી ૨૦ સપ્ટેમ્બરના રોજ યોજાશે. ચૂંટણી માટે ઉમેદવારીપત્રો ભરવાની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે આ સાથેજ અત્યાર સુધીમાં કુલ ૩૧ ઉમેદવારીપત્રો ભરાયા છે.જેમાં ડેરીના વર્તમાન ચેરમેન અને અનિયદ જૂથના શહેરના ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડે પણ ઉમેદવારીપત્ર ભર્યુ છે.

## જામનગરમાં પુરવઠા વિભાગ અને ખાદ્ય શાખા દ્વારા કાર્યવાહી, હાપા માર્કેટિંગ યાર્ડ નજીક બિનઆરોગ્યપ્રદ અનાજ જપ્ત

I પ્રતિનિધિ, જામનગર, તા.૩ I

જામનગરના હાપા માર્કેટિંગ યાર્ડ નજીક જલારામ ફૂડ પ્રોડક્ટ પેઢીમાં બિનઆરોગ્યપ્રદ અનાજ અને ઘઉંનો લોટ મળી આવ્યા બાદ પુરવઠા વિભાગ અને ખાદ્ય શાખા દ્વારા સંયુક્ત કાર્યવાહી કરવામાં આવી છે. શહેર કોંગ્રેસ ઉપપ્રમુખની ફરિયાદના આધારે આ કાર્યવાહી કરવામાં આવી હતી, જેમાં શંકાસ્પદ અનાજના જથ્થા અંગે માહિતી આપવામાં આવી હતી.ખાદ્ય શાખા અને પુરવઠા વિભાગની એક ટીમે જલારામ ફૂડ પ્રોડક્ટ પેઢીનું નિરીક્ષણ કર્યું હતું. આ દરમિયાન, પેઢીમાંથી બિનઆરોગ્યપ્રદ ઘઉંનો લોટ અને અનાજનો જથ્થો મળી આવ્યો હતો. આ ઉપરાંત, બિલ વિના ઘઉંનો થોડો જથ્થો પણ મળી આવ્યો હતો. પુરવઠા વિભાગને શંકા છે કે આ અનાજ સરકારી યોજનાઓમાંથી લેવામાં આવ્યું હોઈ શકે છે.આ કાર્યવાહીમાં પુરવઠા અધિકારી, મામલતદાર અને ખાદ્ય શાખાના અધિકારીઓની ટીમ સામેલ હતી. ટીમે પેઢીને નોટિસ ફટકારી છે અને બિનઆરોગ્યપ્રદ અનાજના નમૂનાઓ પરીક્ષણ માટે પ્રયોગશાળામાં મોકલ્યા છે. ઉપરાંત, પેઢી સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવી છે અને તેનું ઉત્પાદન કામચલાઉ ધોરણે બંધ કરવામાં આવ્યું છે.

## વડોદરામાં હેડ કોન્સ્ટેબલે દારૂ પીધેલી હાલતમાં પોલીસ સ્ટેશનની બહાર હંગામો મચાવ્યો

I પ્રતિનિધિ, વડોદરા, તા.૩ I

ગુજરાતમાં દારૂબંધીનો ભંગ કરતો પોલીસ કર્મચારી વડોદરાથી સામે આવ્યો છે. જેમાં વરણામા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ અમિત પરમાર પોતાનું કામ પૂરું કર્યા પછી દારૂ પીધેલી હાલતમાં પોતાની સોસાયટીમાં આવ્યો હતો અને સ્થાનિકો સાથે ઝઘડો કરવા લાગ્યો હતો.નોંધનીય છે કે હેડ કોન્સ્ટેબલે એક મહિના પહેલા દારૂ પીધેલી હાલતમાં અકસ્માત સર્જ્યો હતો.તે સમયે સ્થાનિકોએ જણાવ્યું હતું કે જ્યારે તેમણે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી, ત્યારે પીઆઈ અને પીએસઆઈની વિનંતી પર કેસ પાછો ખેંચી લેવામાં આવ્યો હતો અને મામલો થાળે પડ્યો હતો.પીઆઈએ ધમકીનો ઈનકાર કર્યો હતો. મકરપુરા પોલીસ સ્ટેશનના પીઆઈ એએમ ગોહિલે કહ્યું હતું કે આરોપીએ મને કે મારી હાજરીમાં ધમકી આપી હોય તેમાં કોઈ તથ્ય નથી. અમે આ મામલાની વધુ તપાસ કરી રહ્યા છીએ.વરણામા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ અમિત પરમાર પોતાનું કામ પૂરું કર્યા પછી વડોદરા શહેરના મકરપુરા વિસ્તારમાં આવેલી પોતાની સોસાયટીમાં આવ્યા હતા અને દારૂ પીધેલી હાલતમાં હતા. તેમણે સોસાયટીના ગેટ પાસે સ્થાનિકો સાથે દુર્વ્યવહાર શરૂ કર્યો હતો, જેનાથી એક નાગરિક ગુસ્સે ભરાયો હતો અને નશાધૂત માં કોન્સ્ટેબલનો વીડિયો બનાવીને તેને સોશિયલ મીડિયા પર વાયરલ કર્યો હતો.




વહીવટી મંજૂરી આપવાની સત્તા મર્યાદામાં ૫૦ ટકાનો વધારો કરવાનો મુખ્યમંત્રીએ નિર્ણય કર્યો

# નાગરિકલક્ષી વિકાસ કામોને વધુ વેગવાન બનાવવા ૭૦ લાખ રૂપિયા સુધીના કામોની મંજૂરી આપી શકાશે

**વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળમાં ૨૦૨૫માં શહેરી વિકાસ વર્ષ ઉજવણીથી આયોજનબદ્ધ શહેરી વિકાસનો પાયો નાખ્યો હતો**




। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૩ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શહેરી વિકાસ વર્ષની સંકલ્પના સાકાર કરીને શહેરો-નગરોમાં સ્થાનિક સત્તા તંત્રો દ્વારા હાથ ધરવામાં આવતા નાગરિકલક્ષી વિકાસ કામોને વધુ વેગવાન બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.

રાજ્યની નગરપાલિકાઓને શહેરી વિકાસ વિભાગની યોજનાઓ તેમજ વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ અંતર્ગત રાજ્ય સરકારના આયોજન પ્રભાગ હસ્તકની ગ્રાન્ટમાંથી નગરપાલિકાઓ દ્વારા હાથ ધરવાના થતા કામોની તાંત્રિક અને વહીવટી મંજૂરી આપવાની સત્તા મર્યાદામાં ૫૦ ટકાનો વધારો કરવાનો મુખ્યમંત્રીએ નિર્ણય કર્યો છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળમાં ૨૦૨૫માં શહેરી વિકાસ વર્ષ ઉજવણીથી આયોજનબદ્ધ શહેરી વિકાસનો પાયો નાખ્યો હતો.શહેરી વિકાસની બે દાયકાની આ સફળતાને પગલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૨૦૨૫ના વર્ષને શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવીને શહેરી પરિવેશમાં પરિવર્તન અને નાગરિકોના સશક્તિકરણથી સ્માર્ટ એન્ડ સસ્ટેનેબલ સીટીઝ નિર્માણનું લક્ષ્ય રાખ્યું છે.

આ લક્ષ્યને સાકાર કરવા શહેરોમાં વિકાસ કામોમાં વધુ વેગ લાવીને શહેરી જન સુવિધાના કામો ઝડપથી હાથ ધરવા માટે નાણાંકીય સત્તા મર્યાદામાં કરવામાં આવેલો આ વધારો પરિણામકારી બનશે.

મુખ્યમંત્રીએ આ હેતુસર 'અ' વર્ગની નગરપાલિકાઓના વિકાસ કામો માટે નગરપાલિકા કક્ષા સમિતિ દ્વારા તાંત્રિક અને વહીવટી મંજૂરી આપવાની હાલની નાણાંકીય મર્યાદા રૂ.૫૦ લાખ છે તેમાં રૂ.૨૦ લાખ વધારીને હવે રૂ.૭૦ લાખ કરી છે.એટલું જ નહિ, 'બ' વર્ગની નગરપાલિકાઓ માટે ૪૦ થી વધારીને રૂ. ૫૦ લાખ, 'ક' વર્ગ માટે ૩૦થી વધારીને રૂ. ૪૦ લાખ, 'ડ' વર્ગ માટે ૨૦થી વધારીને રૂ. ૩૦ લાખ રૂપિયા સુધીના કામોની તાંત્રિક-વહીવટી મંજૂરી આપવાની સત્તા સોંપવામાં આવી છે.મુખ્યમંત્રીએ વહિવટી સરળીકરણની દિશામાં એક ઉદાહરણરૂપ પગલું લઈને એવું સુનિશ્ચિત કરવાના દિશાનિર્દેશો પણ આપ્યા છે કે, નગરપાલિકા કક્ષાએ સમિતિ દ્વારા તાંત્રિક તેમજ વહિવટી મંજૂરી મળ્યેથી પ્રાદેશિક મ્યુનીસીપલ કમિશ્નર આર.સી.એમ. ઓફિસ દ્વારા સંબંધિત નગરપાલિકાને દરખાસ્ત મળ્યાના પાંચ દિવસમાં ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવશે. એટલું જ નહિ, આવી ગ્રાન્ટની બે હપ્તામાં ૧૦૦ ટકા ફાળવણી કરાશે. આના પરિણામે નગરપાલિકા વિસ્તારોમાં વિકાસ કામો શરૂ કરવામાં વિલંબનું નિવારણ અને ગ્રાન્ટનો મહત્તમ સદુપયોગ થશે.મુખ્યમંત્રી સમક્ષ શહેરી વિસ્તારોના ધારાસભ્ય, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના પદાધિકારીઓ-અગ્રણીઓએ આ માટે કરેલી રજૂઆતોનો સકારાત્મક પ્રતિસાદ આપતાં તેમણે નાણાંકીય સત્તા મર્યાદામાં વધારો કર્યો છે.

ધોરણ ૯ના વિદ્યાર્થી નયન સંતાણીની હત્યાના કેસમાં અત્યાર સુધીનો સૌથી મોટો ખુલાસો થયો

# અમદાવાદ શહેરની સેવન્થ ડે સ્કૂલનું પ્રથમવાર સીસીટીવી ફૂટેજ સામે આવ્યું

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૩ ।

અમદાવાદના સેવન્થ ડે એડવેન્ટિસ્ટ સ્કૂલ કેમ્પસમાં ૧૯ ઓગસ્ટના રોજ ધોરણ ૯ના વિદ્યાર્થી નયન સંતાણીની હત્યાના કેસમાં અત્યાર સુધીનો સૌથી મોટો ખુલાસો થયો છે. નયન પર તેના ક્લાસમેટ દ્વારા છરી વડે હુમલો કરવામાં આવ્યો હતો, જેના કારણે તેનું મૃત્યુ થયું હતું. આ ઘટનાના પ્રથમ સીસીટીવી ફૂટેજ સામે આવ્યા છે, જે હુમલા પછીની પરિસ્થિતિ દર્શાવે છે.નયન પર હુમલો બપોરે ૧૨:૫૩ કલાકે થયો હતો. સામે આવેલા વીડિયોમાં જોઈ શકાય છે કે પેટના ભાગે ગંભીર ઈજા થઈ હોવા છતાં, નયન લોહીલુહાણ હાલતમાં પણ શાળાના મુખ્ય ગેટમાંથી અંદર પ્રવેશ કરી રહ્યો છે. આ વીડિયો ઘટનાની ગંભીરતા અને નયનની હિંમત દર્શાવે છે, જે ગંભીર ઈજા હોવા છતાં જાતે ચાલીને શાળામાં પ્રવેશ કરી રહ્યો છે.વીડિયોમાં નયન શાળાના ગેટમાંથી અંદર પ્રવેશે છે, ત્યારે તેની માતા અને અન્ય મહિલાઓ તેને તાત્કાલિક સારવાર માટે લઈ જવાનો પ્રયાસ કરતા જોવા મળે છે. તેઓ નયનને ટીંગાટોળી કરીને હોસ્પિટલ તરફ લઈ જઈ રહ્યા છે. આ દ્રશ્યો નયનના માતા-પિતાની વેદના અને મદદની તાત્કાલિક જરૂરિયાત દર્શાવે છે.આ સીસીટીવી ફૂટેજ પોલીસની તપાસમાં અત્યંત મહત્ત્વના સાબિત થઈ શકે છે. આ ફૂટેજ દર્શાવે છે કે હુમલો કઈ જગ્યાએ થયો અને ઘટના પછીની પરિસ્થિતિ કેવી હતી.

## સિહોરના રામપરા ગામમાં મેલડી માતાજીના મંદિરમાં તસ્કરો ૬ લાખ રૂપિયાની કિંમતી વસ્તુઓ લઈને ફરાર


। પ્રતિનિધિ, ભાવનગર, તા.૩ ।

ભાવનગર જિલ્લાના સિહોર તાલુકાના રામપરા ગામમાં સ્થિત પ્રખ્યાત મેલડી માતાજીના મંદિરમાં ચોરીનો એક ચોંકાવનારો બનાવ પ્રકાશમાં આવ્યો છે.પોલીસ તપાસમાં ખુલાસો થયો છે કે તસ્કરોએ મંદિરને નિશાન બનાવ્યું હતું અને સોના-ચાંદીના દાગીના સહિત આશરે ૬ લાખ રૂપિયાની કિંમતી વસ્તુઓની ચોરી કરીને ફરાર થઈ ગયા હતા.અજાણ્યા તસ્કરોએ ગઈકાલે રાત્રે મેલડી માતાજીના મંદિરમાં ઘૂસીને ચોરી કરી હતી.તસ્કરોએ મંદિરમાંથી સોના-ચાંદીના દાગીના, રોકડ રકમ અને અન્ય કિંમતી વસ્તુઓની ચોરી કરી હતી, જેની કુલ કિંમત આશરે ૬ લાખ રૂપિયા હોવાનો અંદાજ છે.ચોરી બાદ તસ્કરો રાત્રિના અંધારામાં ભાગી ગયા હતા. ઘટનાની જાણ થતાં જ સિહોર પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને તપાસ શરૂ કરી હતી. ભાવનગર જિલ્લાના સિહોર તાલુકાના રામપરા ગામમાં સ્થિત પ્રખ્યાત મેલડી માતાજીના મંદિરમાં ચોરીનો એક ચોંકાવનારો બનાવ પ્રકાશમાં આવ્યો છે.પોલીસ તપાસમાં ખુલાસો થયો છે.

## એકને છોડી બીજા પ્રેમી સાથે રહેવા પહોંચી યુવતી, ૧૫માં દિવસે જ દુપટ્ટાથી નવા પ્રેમીનું ગળું દબાવી દીધું

। પ્રતિનિધિ, વડોદરા, તા.૩ ।

શહેરમાં એક પ્રેમીને છોડીને નવો પ્રેમી બનાવી તેની સાથે રહેવા ગયેલી યુવતીએ નવા પ્રેમીની કરપીણ હત્યા કરી હોવાનો ચોંકાવનારો કિસ્સો હાલ સામે આવ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, આ ઘટનામાં યુવતી તેના પહેલા પ્રેમીને છોડીને નવા પ્રેમી સાથે રહેવા ગઈ હતી. જોકે નવો પ્રેમી રાતે દારૂ પીને આવીને બબાલ કરતો હતો. જેથી આ આરોપી યુવતીએ પોતાના દુપટ્ટાથી જ તેને ગળેફાંસો આપી મોતને ઘાટ ઉતારી દીધો હતો. જોકે ઘટના બાદ યુવતી આ હત્યાને કુદરતી મોતમાં ખપાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ લાશનો પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવતા પ્રેમિકાની કરતૂત સામે આવી છે.ઘટનાની વિગતવાર વાત કરીએ તો, વડોદરા શહેરના નવાયાર્ડ વિસ્તારમાં આવેલા રાજીવનગરમાં દિનેશ પરમાર અને મુકેશ પરમાર બંને સગાભાઈ એક સાથે રહેતા હતા. જેમાંથી આશરે ચારેક માસ પહેલાં મુકેશ પરમાર અને નજીકના રામનગર વિસ્તારમાં રહેતી કવિતા નામની યુવતી વચ્ચે પ્રેમ સંબંધ બંધાયો હતો. જેથી આ યુવતી છેલ્લા ૧૫ દિવસથી મુકેશ અને દિનેશ જે ઘરમાં રહેતા હતા ત્યાં સાથે રહેવા લાગી હતી.ઘટના મુજબ, ગત ૧લી સપ્ટેમ્બરની રાતે મુકેશ અને કવિતા બંને રૂમમાં તથા દિનેશ રસોડામાં સૂતા હતા, ત્યારે રાતે પોણા બે વાગે કવિતાએ અચાનક દિનેશને ઉઠાડ્યો અને કહ્યું કે, 'તમારા ભાઈ બોલતા નથી.' જેથી દિનેશ બેડરૂમમાં ગયો અને ભાઈ મુકેશને નીચે જમીન પર ચત્તોપાટ પડેલો જોયો હતો. જેને ઉઠાડવાની કોશિશ કરતા તે ઉઠ્યો નહીં અને બાદમાં હોસ્પિટલ લઈ જતાં તેને ડોક્ટરે મૃત જાહેર કર્યો હતો.બાદમાં બનાવ અંગે દિનેશે પોલીસને જાણ કરી અને મુકેશના મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. જે પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં મુકેશનું મોત ગળેફાંસો આપ્યા બાદ થયું હોવાનું ઘટસ્ફોટ થયો હતો.






## તંત્રી લેખ..

# સંસદમાં સતત હંગામો

જેવી આશંકા હતી એવું જ થયું. સંસદના બજેટ સત્રનું બીજું ચરણ પણ કોઈ વિશેષ કામકાજ વગર જ ખતમ કરી દેવામાં આવ્યું. જોકે સંસદમાં સતત હંગામો થતાં જોઈને આ સત્રને નક્કી સમય પહેલાં જ ખતમ કરી દેવાયું હોત તો સારું. તેનાથી બીજું કશું નહીં તો સરકારી ખજાનાનાં થોડાં નાણાં બચી ગયાં હોત. સંસદ નહિ ચાલવા દેવા માટે સત્તાપક્ષ અને વિપક્ષ એકબીજાને કઠેરામાં ઊભા કરવાનું જે કામ કરી રહ્યા છે, તેનું ઔચિત્ય એટલે નથી, કારણ કે ક્યાંકને ક્યાંક બંને પક્ષો તેના માટે જવાબદાર છે. જ્યાં વિપક્ષ અદાણી મામલાની તપાસ સંયુક્ત સંસદીય સમિતિ એટલે કે જેપીસી પાસે કરાવવાની પોતાની માંગને લઈને હંગામો કરતો રહ્યો, ત્યાં જ સત્તાપક્ષ એ માંગને લઈને અડગ રહ્યો કે રાહુલ ગાંધી પોતાના એ નિવેદન માટે માફી માંગે, જે તેમણે લંડનમાં આપ્યું હતું. પક્ષ-વિપક્ષની આ માંગોનું કોઈ વિશેષ મહત્ત્વ ન હતું. અદાણી મામલે જેપીસી તપાસનું ઔચિત્ય એટલા માટે ખતમ થઈ ગયું હતું, કારણ કે સુપ્રીમ કોર્ટે એક છ સદસ્યોની સમિતિની રચના કરી દીધી હતી. ઉલ્લેખનીય છે કે આ સમિતિની રચનામાં સરકારની કોઈ ભાગીદારી પણ નથી. સુપ્રીમ કોર્ટે સમિતિના સદસ્યોની પસંદગી જાતે જ કરી હતી. તેમ છતાં પણ વિપક્ષ સંતુષ્ટ ન થયો, કારણ કે તેણે સંતુષ્ટ થવું જ ન હતું અને સંસદમાં હંગામો કરવા માટે એક બહાનું જોઈતું હતું. આશ્ચર્યજનક વાત એ છે કે આ વખતે સત્તાપક્ષે પણ સંસદમાં હંગામો કર્યો અને તેના માટે એ જિદ પકડી કે રાહુલ ગાંધીએ લંડનમાં આપવામાં આવેલા પોતાના નિવેદનો માટે માફી માંગવી પડશે. એ સાચું કે રાહુલ ગાંધીએ લંડનમાં એવી ઘણી વાતો કરી, જે તેમણને નહોતી કરવી જોઈતી, પરંતુ જો તેઓ તેને પોતાની ભૂલ માનવા તૈયાર નથી તો સત્તાપક્ષ કે પછી અન્ય કોઈ શું કરી શકે? રાહુલનાં નિવેદનો પર સત્તાપક્ષનો વાંધો સાચો હતો પરંતુ તેણે પોતાની આ માંગને વધુ ચગાવવાની જરૂર ન હતી કે સંસદ ત્યારે જ ચાલશે, જ્યારે તેઓ માફી માંગશે. આવું બહુ ઓછું થાય છે, જ્યારે સત્તાપક્ષ જ સંસદમાં હંગામો કરે છે, પરંતુ આ વખતે એવું જોવા મળ્યું. એ માનવાનાં ઘણાં કારણો છે કે સંસદના બજેટ સત્રનું બીજું ચરણ એટલા માટે હંગામામાં વેડફાઈ ગયું, કારણ કે સત્તાપક્ષ અને વિપક્ષની નજરો આગામી વિધાનસભા ચૂંટણીઓની સાથે જ લોકસભા ચૂંટણીઓ પર પણ છે. નિઃસંદેહ રાજકીય પક્ષો ચૂંટણીઓને નજરઅંદાજ ન કરી શકે, પરંતુ તેનો શો મતલબ કે ચૂંટણીઓના ચક્કરમાં સંસદીય કાર્યવાહીની જ બલિ ચડાવવામાં આવે? શું ચૂંટણીઓ નજીક આવશે ત્યારે સંસદ નહીં ચાલવા દેવાય? ચૂંટણી માહોલ બનાવવા માટે સંસદ ન ચાલવા દેવી રાજકીય સ્વાર્થ માટે તેની મહત્તાને ઓછી આંકવા જેવું છે. જો રાજકીય પક્ષો એમ વિચારી રહ્યા હોય કે તેમના હંગામાથી જનતા પ્રભાવિત થઈ હશે તો એ સાચું નથી, કારણ કે જનતા તો પ્રભાવિત થાય છે સંસદમાં થનારી ગંભીર ચર્ચાથી.



## ખેડૂતો આવકને વધારવા ટેકનોલોજી અપનાવે તે પણ જરૂરી

**વિશ્વના ઘણા દેશોમાં ઉંચા મૂલ્યો ધરાવતા પાક ઉપર વધારે ધ્યાન અપાઈ રહ્યું છે ભારતને પણ પહેલ કરવાની જરૂર છે ખેડૂતોના પાક માટે કિંમતો નક્કી કરવાનીસરકારી વ્યવસ્થા ખેડૂત સાથે વિશ્વાસઘાત સમાન છે**

# ઉચ્ચ મૂલ્યની ખેતી ઉપયોગી બની છે

**છેલ્લા ૫૦ વર્ષમાં જીડીપીમાં કૃષિનું યોગદાન ઘટી રહ્યુ છે : ખેડૂતોને યોગ્ય બજાર મળે તે દિશામાં મોદી સરકાર ઝડપી પહેલ કરે તે જરૂરી**

સરકારે હાલમાં સર્વેમાં ખેડૂતોની આવકના આંકડા ગણ્યા હતા તેમાંથી અડધાથી પણ વધારે ખેડૂત એવા હતા જેમની પાસે પોતાની જમીન ન હતી અથવા તો જો જમીન હતી તો નહિંવત પ્રમાણમાં હતી. મતલબ એ થયો કે તેઓ ખેતમજૂરોના વર્ગમાં આવે છે. તેમને ખેડૂતોની સાથે જોડવામાં આવી રહ્યા છે. અલબત્ત આ કડવી વાસ્તવિકતાથી ઈન્કાર કરી શકાય નહીં કે અમારા ખેડૂતોની આર્થિક સ્થિતિ સારી રહી નથી. છેલ્લા ૫૦ વર્ષમાં કૃષિનું જીડીપીમાં યોગદાન એકંદરે ઘટી રહ્યું છે.



વર્ષ ૨૦૦૪-૨૦૧૩ સુધી અલબત્ત ખાદ્યાન્ન ફુગાવો ખૂબ ઉંચો હતો. પરંતુ તેના કેટલાક હકારાત્મક પાસાઓ પણ હતા. એક પાસુ એ પણ હતું કે ખેડૂતોની આવક એટલી ઓછી ન હતી જેટલી આનાથી અગાઉના વર્ષોમાં હતી. જો વર્ષ ૨૦૦૪-૨૦૧૪ સુધી એક દશકમાં ધ્યાન આપવામાં આવે તો કૃષિમાં ૩.૫ ટકાથી વધારે ગ્રોથ રેટ રહ્યો નથી. ઉત્પાદનમાં સતત વધારો થઈ રહ્યો છે. ચીજવસ્તુઓની કિંમત વધી રહી છે. અલબત્ત ૨૦૦૯માં ચોક્કસપણે દુષ્કાળની સ્થિતિ રહી હતી. પરંતુ એકંદરે ગ્રામીણ વિસ્તારોમાં ખેડૂતોની સ્થિતિમાં સુધાર થયો હતો. પાકા આવાસ બનવા લાગી ગયા હતા. બાળકો પણ સ્કૂલ જવા લાગી ગયા છે છતાં ખાનગી સ્કૂલોમાં પણ ખેડૂતો બાળકોને મૂકવા ખચકાટ અનુભવ કરી રહ્યા છે. વાસ્તવિકતા એ છે કે આજે પણ ઘણી બધી બાબતોમાં મુલ્યાંકન કરવાનો સમય છે. જાહેરરીતે ખેડૂતોની આવક એકંદરે હવે ઘટી છે આના માટે કૃષિ ક્ષેત્રમાં ગ્રોથને વધારવામાં આવે તો ખેડૂતોની હાલત સુધરી શકે છે. આના માટે રસ્તા શું થઈ શકે છે. સૌથી પહેલા તો ઉંચા મુલ્યો ધરાવતી ખેતીને પ્રાથમિકતા આપવી પડશે જેમ કે ચીનના દાખલાને લેવામાં આવે તો ત્યાં ઉત્પાદન પણ વધારે છે અને ખેડૂતોનો ભાર પણ ઉચ્ચ મુલ્યોવાળી ચીજવસ્તુ પર વધારે ગયો છે. ભારતમાં પણ આ દિશામાં ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. હજુ સુધી ભારતીય ખેડૂતો ઉંચા મુલ્ય ધરાવતી ચીજવસ્તુઓની દિશામાં વિચારી રહ્યા નથી. પરંપરાગત ખેતીને પ્રાથમિકતા આપી રહ્યા છે.

ઉચ્ચ મૂલ્યોવાળા પાક પર ખેડૂતોને ધ્યાન આપવાની જરૂર છે પરંતુ આવા પાક માટે નજીકી બજાર રહે તે જરૂરી છે જે ભારતમાં હાલમાં નથી. અલબત્ત મહારાષ્ટ્ર, તમિળનાડુ જેવા કેટલાક રાજ્યોમાં આ દિશામાં કામ થયુ છે. ત્યાના ખેડૂતોને ફાયદો પણ થયો છે પરંતુ માત્ર એક એકરના ખેડૂત લાખોની આવક ઉભી કરી શકે તેમ નથી.

જેથી ટેકનોલોજી આધારિત ખેતી અને ઉચ્ચ મૂલ્યો ધરાવતા પાક તરફ ધ્યાન આપવામાં આવે તે સમયની માંગ છે. ખેડૂતો ઉચ્ચ મૂલ્યોવાળી ખેતી પર ભાર આપે તે નિષ્ણાંતોની પણ સલાહ છે. આ દિશામાં કામ કરવાની પણ જરૂર છે. સરકાર સતત સક્રિય થઈને આ પ્રકારની ખેતીને પ્રાથમિકતા આપે તો ખેડૂતોની આર્થિક સ્થિતિ સુધરી શકે છે સાથે સાથે જંગી દેવાની સ્થિતિમાં આપઘાત કરવાની ફરજ ખેડૂતોને ન પડે તે દિશામાં પણ પહેલ જરૂરી છે. વિશ્વના ઘણા દેશોમાં ઉંચા મૂલ્યો ધરાવતા પાક ઉપર વધારે ધ્યાન અપાઈ રહ્યું છે. ભારતને પણ પહેલ કરવાની જરૂર છે. ખેડૂતોના પાક માટે કિંમતો નક્કી કરવાનીસરકારી વ્યવસ્થા ખેડૂત સાથે વિશ્વાસઘાત સમાન છે. પાક વિમા અને હોનારતો આવવાની સ્થિતિમાં મળનાર સરકારી વળતર એક મજાક સમાન છે. હવે તો ભૂમિ અધિગ્રહણ મારફતે ખેડૂતની પાસે રહી ગયેલી એક માત્ર સંપત્તિને આંચકી લેવાની તૈયારીઓ પણ ચાલી રહી છે. આવી સ્થિતિમાં દેશભરના ખેડૂતોની એક માંગ સરકાર સમક્ષ મૂકી દેવી જોઈએ. જેમ સરકાર પોતાના કર્મચારીઓના વેતન નક્કી કરવા માટે વેતનપંચની રચના કરે છે તેવી જ રીતે ખેડૂતોની આવક નક્કી કરવા માટે એક ખેડૂત આવકપંચ બનાવવું જરૂરી છે.

જેમ સરકાર દરેક પ્રકારના મજૂર માટે લઘુત્તમ વેતન નક્કી કરે છે તેવી જ રીતે ખેડૂત માટે પણ કામ થવું જોઈએ. જે રીતે સરકાર ઓછામાં ઓછા કાગળ પર રોજગારીની વાત કરી રહી છે તે રીતે આગળ વધવાની જરૂર છે. ખેડૂતને આવકની ગેરેન્ટી માટે કાયદો બને તે પણ ખૂબ જરૂરી છે. કૃષિના ક્ષેત્રમાં વર્ષોથી ધ્યાન આપવાના પ્રયાસ થઇ રહ્યા છે પરંતુ આ દિશામાં કોઇ નક્કર પહેલ થઇ નથી. ખેડુતોને પાણીની સમસ્યા પણ હમેંશા નડે છે. આ દિશામાં પ્રયાસો થઇ રહ્યા નથી.

# જંક ફુડ એટલે બિમારીને આમંત્રણ

ત્રણ મોટા કારણ છે જે જંક ફુડને ખતરનાક બનાવી દે છે. પ્રથમ કારણ તો એ છે કે તેમાં પ્રોસેસ્ડ ચીજ હોય છે, બીજી બાબત એ ચે કે તેમાં ફેટનુ પ્રમાણ વધારે રહે છે. ત્રીજી બાબત એ છે કે તેમાં કેલોરીનુ પ્રમાણ વધારે રહે છે. અમે જોઇ રહ્યા છીએ કે આ ત્રણ કારણોસર ઘરમાં ભોજન કરવાના બદલે લોકો બહાર જાય છે. આવી ટેવના કારણે આવા લોકો બિમારીનો શિકાર બની રહ્યા છે. જંક ફુડનો ઉપયોગ હાલના દિવસોમાં બદલાઇ રહેલી લાઇફસ્ટાઇલના કારણે વધારે જોવા મળે છે. આ પ્રકારની ખાવા પીવાની ટેવના કારણે સ્થુળતા વધતી જાય છે. બર્ગર, પિજ્જા, સમોસાની સાથે કોલ્ડ ડ્રિક્સ પણ આરોગ્ય માટે ખુબ ખતરનાક છે. જંક ફુડના કારણે અમે હવે ખાવા પીવામાં આવતી પોષક ચીજવસ્તુઓથી દુર કરી દીધા છે. બાળકોના મામલે તો વધારે ધ્યાન આપવાની તાકીદની જરૂરિયાત દેખાઇ રહી છે. કારમ કે તેમને જો શરૂઆતથી પોષક તત્વો મળી શકશે નહી તો રોગ પ્રતિકારક ક્ષમતામાં પણ વધારો થશે નહી. તેમની રોગ પ્રતિકારક ક્ષમતા ઘટતી જશે. હાલમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં એવી ચોંકાવનારી બાબત સપાટી પર આવી છે કે અમેરિકામાં ૩૦ ટકા કરતા વધારે લોકો વધારે પડતા વજનના કારણે પરેશાન થયેલા છે. ભારતમાં પઁણ જે રીતે જંક ફુડે હાલમાં તેની જાળને ફેલાવવાની શરૂઆત કરી દીધી છે તે જોતા નવી ચિતાં જોવા મળી રહી છે. દિલ્હીમાં તાજેતરમાં જ એક સ્કુલ અભ્યાસમાં કેટલીક નવી વિગત સપાટી પર આવી હતી. જેમાં જાણવા મળ્યુ કે સ્કુલ જતા ૩૦ ટકા બાળકો પણ વધારે પડતા વજનના કારણે હેરાન છે. જંક ફુડ પર આધારિત હોવાનો મતલબ જુદી જુદી બિમારીઓને આમંત્રણ આપવાનો છે. વધારે પડતી ચિકાસની ચીજવસ્તુઓ ખાવાથી ફેફસામાં પેટનુ પ્રમાણ વધી જાય છે. તેમાં પ્રોટીનની માત્રા તો હોતી જ નથી. પ્રોટીન આરોગ્ય માટે સૌથી વધારે મહત્વપૂર્ણ છે. હાલમાં વધી રહેલી અનેક બિમારીઓ આ જ ભોજનની ટેવના કારણે છે. આજે શુગર, બ્લડ પ્રેશન અને હાર્ટ સંબંધિત અનેક નવી નવી બિમારીઓ ઘર કરી રહી છે તેનુ મુખ્ય કારણ જંક ફુડ છે. તેનો ઉપયોગ હાલમાં વધી રહ્યો છે. શુગરનુ વધતુ પ્રમાણ સ્થુળતાને વધારે છે. સ્થુળતા જ અનેક બિમારીઓને આમંત્રણ આપી દે છે. અમે એ વાત પણ જોઇ રહ્યા છીએ કે ખાવા પીવાની ખરાબ ટેવની સાથે સાથે અમે હવે આરામદાયક જીવનશેલી તરફ આગળ વધી રહ્યા છીએ. આરામદાયક જીવનશેલીને પસંદ કરવાના પ્રયાસ કરી રહ્યા છીએ જેના કારણે હાલત વધારે ખરાબ થઇ રહી છે. સોશિયલ મિડિયાનો ઉપયોગ સતત વધી રહ્યો છે જેથી બાળકો અને અન્ય તમામ લોકો મોબાઇલ પર બેઠા રહે છે. અને પછી જે સમય મળે છે તે ટીવીની સામે બેસવામાં જતો રહે છે આવી સ્થિતીમાં પરિસ્થિતી પ્રતિકુળ બની જાય છે. આને રોકવા માટે વાલીઓ વધારે ધ્યાન આપે તે જરૂરી છે. બાળકોની ટેવને બદલી નાંખવાની જરૂર છે. હાલમાં કરવામાં આવેલા અભ્યાસના તારણ તમામ લોકો અને નિષ્ણાંતો માટે આંખ ખોલનાર છે. આ દિશામાં બાળકોને વધારે સાવધાન કરવાની ચોક્કસપણે હવે જરૂરીયાત છે.



## આધુનિક લાઇફસ્ટાઇલ-ખાવા પીવાની ખરાબ ટેવથી મુશ્કેલી....

**આરોગ્ય સાથે જોડાયેલા કેટલાક ખાસ પ્રોડક્ટસ રહેલા છે વિવોફિટ-૨માં એક વર્ષની બેટરી લાઇફ રહે છે જેમાં એક બેકલિસ્ટ ડિસ્પ્લે હોય છે જે સમય દર્શાવવાની સાથે સાથે આરોગ્ય સાથે જોડાયેલા આંકડાની વિગત આપે છે**

# આરોગ્ય સાથે ચેડા વધી રહ્યા છે

**ભાગદોડની લાઇફમાં સ્વાદને આરોગ્ય કરતા વધારે મહત્વ આપવામાં આવી રહ્યુ છે : આરોગ્યને લઇને શિસ્તમાં રહેવાની જરૂર છે**

દેશમા હાલમાં ઝડપથી ખાવાપીવાની ટેવ બદલાઇ હરહી છે. જેના કારણે બિમારીઓ વધી રહી છે. આરોગ્ય સાથે પણ સ્વાદના કારણે ચેડા થઇ રહ્યા છે. લાખો લોકો બિમારીના સકંજામાં આવી રહ્યા છે. બદલાઇ રહેલી જીવનશેલીના કારણે દેશભરમાં લોકોની ખાવાપીવાની ટેવમાં ફેરફાર જોવા મળી રહ્યા છે. સરકારી આંકડા આ બાબતના સાક્ષી બની રહ્યા છે કે આશરે ૭૦ ટકા લોકો માંસાહરી અથવો તો નોન વેજિટેરિયન તરીકે છે.



હવે ખાવાપીવાની બાબતને પરંપરા અને જાતિ સાથે જોડીને જોઇ શકાય નહી. આશ્ચર્ય એ ચે કે એવા લોકો જેમની ખાવા પીવાની ટેવ બદલાઇ રહી છે તેમને આ અંગેની માહિતી પણ હોતી નથી કે તે ક્યાં પ્રકારના ભોજનની મજા માણી રહ્યા છે. માત્ર સ્વાદના કારણે સારી ચીજ શુ છે તેની જ માહિતી રહી છે. આરોગ્ય માટે કઇ ચીજ ખાવી જોઇએ અને કઇ નહી તેને લઇને તેમની પાસે વધારે માહિતી નથી. કેમ સમાજમાં ફેરફાર થયા અને આરોગ્યની સાથે કઇ રીતે ચેડા થઇ રહ્યા છે તેના પર અમે આજે ચર્ચા કરવા જઇ રહ્યા છીએ. અમારા દેશ અને વિદેશના ભોજનની તુલના કરવામાં આવે તો અમારી માસાંહરી અને શાકાહરીની પરિભાષામાં પણ વ્યાપક અંતર જોવા મળે છે.

પરેશાની એ પણ છે કે આવી જ અંતરની સ્થિતી દેશમાં પણ છે. કેટલાક લોકો ઇંડાને માંસાહરીમાં સામેલ કરે છે તો કેટલાક લોકો ઇંડાને શાકાહારીમાં સામેલ કરે છે. આવી જ રીતે બંગાળમાં બ્રાહ્મણ સમાજના કેટલાક લોકો માછળીને શાકાહાર માનીને તેનો ઉપયોગ કરે છે. આવી સ્થિતીમાં વેજિટેરિયન અને નોન વેજિટેરિયનની જાહેર પરિભાષામાં અંતર હોવાના કારણે પણ આંકડા પર માઠી અસર થઇ જાય છે.

ભોજનની ટેવના સંબંધમાં શાકાહરી અને માંસાહરીના સંબંધમાં ભારત સરકાર દ્વારા જે આંકડા જારી કરવામાં આવ્યા છે તેની વાત કરવામાં આવે તો કેટલીક બાબતને લઇને શંકા થાય છે. આંકડા એકત્રિત કરવાની પદ્ધિત અને તેના તારણ કાઢવાને લઇને કોઇ શંકા નથી પરંતુ શંકાનુ કારણ અમારા દેશનુ માળખુ છે. આ જ રચનાના કારણે અમે આ પ્રકારની વાસ્તવિકતા અંગે યોગ્ય માહિતી મેળવી શકતા નથી. કઇ વ્યક્તિ માંસાહરી છે અને કઇ શાકાહરી છે તે અંગે આ રીતે માહિતી મળી શકતી નથી. વર્તમાન સ્થિતી આવી બની ગઇ છે કે અમે કોઇ જાતિ અને સમાજના આધાર પર આ બાબત નક્કી કરી શકાય નહી કે તે ખાસ જાતિના લોકો માંસાહરી અને અથવા તો શાકાહરી રહેશે. સમાજ સ્તરના માટે ખોટી વાત કરવામાં આવે છે.

ભારતીય સમાજમાં સામાજિક સ્તર ખુબ જ મહત્વપૂર્ણ છે. અનેક વખત વધારે સારા સમાજ માટે વ્યક્તિ ખોટી વાત કરે છે. દાખલા તરીકે ગુજરાતમાં ક્ષત્રીયને બાદ કરતા અન્ય સવર્ણ જાતિઓના લોકો સામાન્યરીતે માંસાહરી નથી. પરંપરાગત રીતે આ જાતિ માંસાહરી રહી છે. પરંતુહવે તેમની સામાજિક સ્થિતી સુધરી ગઇ હોવાથી તેઓ પોતાના વેજિટેરિયન તરીકે જ જાહેર કરે છે. આવી સ્થિતીમાં વાસ્તવિકતા અંગે માહિતી મેળવી લેવાની બાબત મુશ્કેલરૂપ બની જાય છે.

કેટલાક કિસ્સામાં એવુ જાણવા મળ્યુ છે કે કેટલાક પરિવાર પરંપરાની દ્રષ્ટિએ શાકાહરી છે પરંતુ તબીબી કારણોસર તે પરિવારના બાળકને કોઇ નિષ્ણાંત તબીબ માંસાહાર નહી તો ઇંડાનો ઉપયોગ કરવાની સલાહ આપે છે. આવી સ્થિતીમાં ઇંડાના કારણે સમગ્ર પરિવારને જ માંસાહરી માની લેવામાં આવ છે. આવી જ રીતે કેટલાક પરિવારમાં કેટલાક લોકો એવા પણ હોય છે જે વેજિટેરિયન હોય છે પરંતુ તેના પરિવારમાં અન્ય લોકો નોન વેજિટેરિયન હોવાના કારણે તેની ગણતરી આમાં જ થઇ જાય છે. કેટલીક વખત તો લોકો અજાણ રહેવાના નાટક પણ કરે છે.

### સર્વેમાં કેટલીક બાબત સપાટી પર

### બર્ગર અને પિજ્જા પણ જંક ફુડની કેટેગરીમાં...

દેશમા ૨૧ રાજ્યોને લઇને હાલમાં રસપ્રદ સર્વે કરવામાં આવ્યા બાદ કેટલીક ચોંકાવનારી બાબત સપાટી પર આવી છે. સેપલ સર્વેમાં ૭૦ લોકો નોન વેજિટેરિયન હોવાની વિગત સપાટી પર આવી છે. વેજિટેરિયન અને નોન વેજિટેરિયનની વાત કરવામાં આવે તો તેલંગાણામાં ૯૮.૭૦ ટકા લોકો નોન વેજિટેરિયન છે જ્યારે રાજસ્થાનમાં ૭૪.૯૦ ટકા લોકો વેજિટેરિયન છે. બંગાળમાં ૯૮.૫૫ ટકા લોકો નોન વેજિટેરિયન છે. આંધ્રપ્રદેશમાં ૯૮.૨૫ ટકા લોકો નોન વેજિટેરિયન છે. ભારતમાં ફાસ્ટ ફુડનો કારોબાર હવે સતત વધી રહ્યુ છે. ભારતમાં હાલમાં ફાસ્ટ ફુડના કારોબારનુ કદ ૮૫૦૦ કરોડની આસપાસ છે. એક અંદાજ મુજબ જે ગતિથી ફાસ્ટ ફુડના કારોબારમાં વધારો થઇ રહ્યો છે તે જોતા વર્ષ ૨૦૨૦ સુધી ફાસ્ટ ફુડનો કારોબાર દેશમાં ૨૫૦૦૦ કરોડ સુધી પહોંચી જાય તેવી શક્યતા છે. જંક ફુડમાં બર્ગર, પિજ્જા તો આવે છે પરંતુ ચિપ્સ અને કેન્ડી જેવી ચીજો પણ આંમાં આવી જાય છે.

# ચારિત્ર માણસનાં જીવનનું પવિત્ર આભૂષણ છે




**મન ઉપવન**

**મુકેશ આંજણા**

મનુષ્ય જીવનમાં સુખ પ્રાપ્ત કરવા માટે ખરાં-ખોટાં રસ્તા તરફ વળે છે. તેના લીધે પોતાનાં જીવનમાં હકારાત્મક સારું પરિણામ મેળવી શકતો નથી. સુખને પામવા માટે સાવ નીચલી કક્ષાનું કામ કરતા માણસ ખચકાતો નથી. દેશના મહાન સંતોના ઉપદેશથી ફલિત થાય છે કે આપણી ઉન્નતિ માટે કોઈ પણ બાહ્ય ધાર્મિક આડંબર કે કર્મકાંડની જરૂર નથી. કેવળ અંતરની ઝંખનાની જરૂર છે. જેનામાં અંતરની ઝંખના હોય તેને પોતાની ઉન્નતિનો માર્ગ જડી જાય છે, અને તેનામાં દ્રઢતા અને નિગ્રહશક્તિ હોય છે. તે માર્ગ જવાનું સામર્થ્ય પણ તેને પ્રાપ્ત થાય છે. અંતરની સફાઈ કરવા માટે કાયમી માટે દુર્ગુણો પર કાબૂ મેળવે છે, તે માનવી જીવન પર વિજય પ્રાપ્ત કરે છે. ક્રોધ જીવનને બાળી દે છે. ચારિત્ર માણસનાં જીવનનું આભૂષણ છે. તે કલંકિત થાય છે ત્યારે જીવનમાં ગુમાવવા જેવું કશું બાકી રહેતું નથી. સંતશ્રી રાજારામજી મહારાજે ક્રોધથી દૂર રહેવા માટે અને ચારિત્રની સદાય રક્ષા કરવા માટેનો ઉપદેશ આપેલ છે.

શ્રી રાજારામજી મહારાજે કહ્યું છે કે જે માણસે પોતાનું ચારિત્ર ગુમાવી દીધું છે, તેનાં જીવનમાં ગુમાવવા જેવું કશું બચતું નથી. આ દુનિયામાં ધનની હાનિને માણસ સૌથી મોટી હાનિ માને છે, પરંતુ જે માણસે ચારિત્ર ગુમાવી દીધું છે તેનાથી સમાજ, કુટુંબને સૌથી મોટી હાનિ થાય છે અને તેના પર કોઈ વિશ્વાસ પણ કરતું નથી. તેવા લોકો પાસે સજ્જન માણસો બેસવાનું પણ પસંદ કરતા નથી. સારા માણસો તો ચારિત્રહીન ધરાવતા લોકોના પડછાયાથી દૂર ભાગતા હોય છે. ચારિત્રહીન માણસો પોતાને તો કલંકિત કરે છે, પણ સાથે-સાથે પોતાનાં કુળને પણ કલંકિત કરે છે. તે પોતાની



ખાનદાનની પ્રતિષ્ઠા પર દાગ લગાડે છે. એટલે જ કહેવાય છે કે જેનું ચારિત્ર કલંકિત થયેલ છે. તેનાં જીવનમાંથી બધું ચાલ્યું જાય છે. ચારિત્ર માણસનાં જીવનની સૌથી મોટી પૂંજી છે. ચારિત્ર અણમોલ છે. ચારિત્ર જીવનની સફળતાની સીડી છે.

શ્રી રાજારામજી મહારાજે કહ્યું છે કે, ચારિત્ર જેવું મૂલ્યવાન આભૂષણ માણસ ખોઈ બેસે છે ત્યારે તે કંગાળ અને નિર્ધન બની જાય છે. જયારે ચારિત્ર વ્યક્તિનું મનોબળ વધારે છે. ચારિત્રવાન માણસ સંસારની પ્રત્યેક વસ્તુને પ્રાપ્ત કરે છે. માણસનાં જીવનમાં ચારિત્ર કલંકિત થાય છે ત્યારે તમામ સંસ્કારો નષ્ટ થઈ જાય છે. સંસ્કાર નષ્ટ થતાં એક ક્ષણ પણ લાગતી નથી. જયારે માણસનાં જીવનમાં સંસ્કાર આવતાં વર્ષોનાં વર્ષો લાગી જાય છે. ચારિત્રહીન માણસોને અપમાન, તિરસ્કાર મળે છે. તે ગમે તેટલો મોટો ધનવાન હોવા છતાં પણ વાસ્તવિકત રીતે વિશ્વાસહીન માણસ કહેવાય છે.

શ્રી રાજારામજી મહારાજ કહે છે કે "દરેક મા-બાપને પોતાનાં બાળકોને ચારિત્રવાન બનાવવા માટે કોશિશ કરવી જોઈએ. જે માણસ ચારિત્રનું મહત્ત્વ સમજે છે. તેનું જીવન પુણ્યશાળી બની જાય છે. ચારિત્ર ગુમાવી દીધું છે તે વ્યક્તિ જીવનમાં સફળ થઈ શકતો નથી." માણસ પોતાનાં શરીર પર કપડા પહેરે છે તેનાથી અંગ ઢાંકી શકાય છે, પરંતુ માનવી પોતાના સંસ્કાર ઢાંકી શકતો નથી. જયારે કપડાં મેલાં થઈ જાય છે ત્યારે સાબુથી ધોઈને તેને સ્વચ્છ કરી શકાય છે, પરંતુ ચારિત્રનું કલંક લાગી ગયાં બાદ તેને આજીવન દૂર કરી શકાતું નથી એટલે કે આ સંસારમાં કોઈ પણ માણસ પોતાનાં ચારિત્રને કલંક લાગ્યા બાદ સાબુથી ધોઈને પણ સાફ કરી શકતો નથી....

બાળકોનાં માતા-પિતાને મહાન પુરુષોનાં ચારિત્ર સાથે જોડાયેલી વાર્તાઓ સંભળાવવી જોઈએ. તેની પ્રેરણાથી બાળકો પોતાનું જીવન શણગારી શકે છે. શ્રી રાજારામજી મહારાજે કહ્યું છે કે, "ચારિત્રવાન માણસોની સમાજ પણ ઈજ્જત કરે છે અને ખરાબ ચારિત્ર ધરાવનાર માણસોનો સમાજ તિરસ્કાર કરે છે. ચારિત્ર પર ઠેસ પહોંચે તેવું કોઈ પ્રકારનું કાર્ય કરવું જોઈએ નહીં"

શ્રી રાજારામજી મહારાજે કહ્યું છે કે, "કોઈ પણ માણસ હોય તેને ક્રોધથી દૂર રહેવું જોઈએ તેવો ઉપદેશ આપ્યો હતો. શ્રી રાજારામજી મહારાજ કહ્યું છે કે ક્રોધ માણસના ચહેર પર પણ વિકૃતિ પેદા કરે છે અને માણસમાં ક્યારેક ડર પણ પેદા કરે છે. ક્રોધ કરવાથી માણસ ઘણી વખત ખોટો નિર્ણય લઈ લે છે. જેના કારણે જીવનમાં પણ દુઃખ પ્રાપ્ત થાય છે."

દુઃખ ન જોઈતું હોય તો આપણે આપણામાં રહેલા ઘણા બધા દોષોને દૂર કરવા જોઈએ. એ વાત સાદી અને સરળ લાગે છે કે પોતાને બુદ્ધિમાન કહેવડાવીએ છીએ, છતાં આપણને સમજાતી નથી. આપણે ક્રોધને લીધે બીજાઓને પણ દુઃખી કરીએ છીએ. માનવ-સમાજની રક્ષા માટે ચારિત્રવાન માણસોની ખૂબ જ જરૂર છે. જ્યાં ચારિત્રવાન માણસો છે, ત્યાં પુણ્યશાળી આત્માઓ બિરાજમાન થાય છે.



Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

### WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

## ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com

## વરસાદનો કહેર

**હવામાન વિભાગે આગામી ૪૮ કલાકમાં ભારે વરસાદની ચેતવણી જારી કરી । જેના કારણે પરિસ્થિતિ વધુ ખરાબ થવાની આશંકા । જમ્મુમાં તાવી નદીનું પાણીનું સ્તર ભયના નિશાનને વટાવી ગયું છે । જેના કારણે નદી કિનારાના વિસ્તારોમાં પૂરનો ભય છે । પોલીસે લોકોને મુસાફરી કરતા પહેલા મુસાફરી સલાહકાર તપાસવાની અપીલ કરી**

# ઉત્તર ભારતમાં ચોમાસુ તબાહી મચાવી રહ્યું છે । ઘણા રાજ્યોમાં ભારે વિનાશ

। નવીદિલ્હી, તા.૩ ।

ઉત્તર ભારતમાં સપ્ટેમ્બર મહિનામાં પણ ચોમાસાનો પ્રકોપ અટકી રહ્યો નથી. જમ્મુ અને કાશ્મીર, હિમાચલ પ્રદેશ, પંજાબ અને દિલ્હી-એનસીઆરમાં ભારે વરસાદ, પૂર અને ભૂસ્ખલનથી જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. નદીઓ પૂરમાં છે, રસ્તાઓ બંધ છે, અને ઘણા વિસ્તારોમાં શાળાઓ બંધ કરવામાં આવી છે અને લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવી રહ્યા છે. હવામાન વિભાગે આગામી ૪૮ કલાકમાં ભારે વરસાદની ચેતવણી જારી કરી છે, જેના કારણે પરિસ્થિતિ વધુ ખરાબ થવાની આશંકા છે.જમ્મુમાં તાવી નદીનું પાણીનું સ્તર ભયના નિશાનને વટાવી ગયું છે, જેના કારણે નદી કિનારાના વિસ્તારોમાં પૂરનો ભય છે. જમ્મુ વિભાગમાં આગામી ૪૮ કલાક માટે ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. ડોડા અને ઉધમપુરમાં ભૂસ્ખલનને કારણે ઘણા હાઈવે બંધ કરવામાં આવ્યા છે. ડોડા-કિશ્તવાડ હાઈવે પર ભૂસ્ખલનને કારણે રસ્તા પર ભારે કાટમાળ આવ્યો છે, તેને દૂર કરવા માટે મશીનો તૈનાત કરવામાં આવ્યા છે. પોલીસે લોકોને મુસાફરી કરતા પહેલા મુસાફરી સલાહકાર તપાસવાની અપીલ કરી છે. જમ્મુના બર્મિની ગામમાં ભૂસ્ખલનને કારણે ૫૦ થી વધુ ઘરોને નુકસાન થયું છે અને લગભગ ૧૦૦ પરિવારો પ્રભાવિત થયા છે. વૈષ્ણો દેવી યાત્રાને અસ્થાયી રૂપે સ્થગિત કરવામાં આવી છે, જોકે રેલ્વેએ ૨૪ ટ્રેનો પુનઃસ્થાપિત કરવાનો નિર્ણય લીધો છે.હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદ અને ભૂસ્ખલનને કારણે ભારે વિનાશ થયો છે. કિન્નૌરમાં નાથપા નજીક ભૂસ્ખલનને કારણે રાષ્ટ્રીય હાઈવે-૫ સંપૂર્ણપણે બંધ થઈ ગયો છે. શિમલાના રામપુરમાં ભૂસ્ખલનથી રસ્તાઓ કાટમાળથી ઢંકાઈ ગયા છે, અને કુલ્લુમાં બસ સ્ટેન્ડ પાસેની એક ઈમારત ભૂસ્ખલનની ઝપટમાં આવી ગઈ છે. સદનસીબે, ઈમારતને સમયસર ખાલી કરાવવામાં આવી હતી, જેના કારણે મોટી દુર્ઘટના ટળી હતી. સુંદરનગર, મંડીમાં ભૂસ્ખલનને કારણે બે ઘર કાટમાળ નીચે દટાઈ ગયા હતા, જેમાં ૫ લોકો ફસાયા હતા. દ્ગડ્ઢઇહ્લ અને જીડ્ઢઇહ્લ ટીમો બચાવ કામગીરીમાં રોકાયેલી છે અને અત્યાર સુધીમાં ત્રણ મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા છે. હિમાચલમાં આ ચોમાસાની ઋતુમાં ૪૬ વાદળ ફાટવાની ઘટનાઓ નોંધાઈ છે, અને ૯૫ સ્થળોએ પૂર આવ્યું છે. ચાર રાષ્ટ્રીય ધોરીમાર્ગો, ૩,૨૦૭ પાવર ટ્રાન્સફોર્મર અને ૭૯૦ પીવાના પાણીની યોજનાઓ સહિત ૧,૨૭૭ રસ્તાઓ ઠપ્પ થઈ ગયા છે. શિમલા, ચંબા, સોલન, સિરમૌર, બિલાસપુર, ઉના અને કાંગડામાં તમામ શૈક્ષણિક સંસ્થાઓ બંધ કરી દેવામાં આવી છે. લાહૌલ-સ્પિતિમાં કુન્ઝુમ ટોપ પર મોસમની પહેલી હિમવર્ષા થઈ છે, જેના કારણે તાપમાનમાં તીવ્ર ઘટાડો થયો છે.

## પંજાબમાં ૧૯૮૮ પછીનો સૌથી ભયાનક પૂરનો માહોલ જોવા મળી રહ્યો છે








